## <u>બિયારણ ઉત્પાદક કંપની અનુસરવાની કાર્યપધ્ધત્તિ :</u>

**<u>http://dusgog.aau.in/</u>** વેબ એડ્રેસ પર લોગઈન (**Login**) થતા **Guj State Varietal Enrollment Portal** પેજ ખુલશે. જે બે ભાગમાં વહેંચાયેલ છે.

- **<u>ભાગ-૧.</u>** કંપનીઓની બેઝીક માહિતી જેવી કે, કંપનીનું નામ, લાઈસન્સં નંબર, પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ, રિસર્ચ ફાર્મની ડીટેઈલ, **DSIR** નંબર જવાબદાર વ્યક્તિનું નામ વિગેરે બાબતો ફક્ત એક જ વખત ઓનલાઈન કરવાની રહેશે. **(Part – I)**
- **<u>ભાગ-૨.</u>** કંપનીઓની જાતોના માર્કર કેરેક્ટર **(DUS)** કેરેક્ટર પોર્ટલ પર અપલોડ / નોંધાવાના રહેશે કે જે **PPVFRA** દ્વારા નિયત કરવામાં આવેલ છે, તેમજ બે વર્ષના સ્વ-નિદર્શીત ઉત્પાદન અને રોગ જીવાતના અખતરાઓના પરીણામો પણ નોંધવાના રહેશે. **(Part – II)**
- હા. કપાસ અને હા. ડાંગર પાકોની જાતોનું રજીસ્ટ્રેશન અગાઉ **SAUs**ના કોડેડ ફિલ્ડ ટ્રાયલના પરિણામોને આધારે કરવામાં આવતું હતું. તે પધ્ધત્તિથી નવી કાર્યપધ્ધત્તિમાં ચાલુ રાખવામાં આવેલ છે. (જૂની પધ્ધતિ મુજબ)
- હા. મકાઈ, હા. બાજરા અને હા. દિવેલા પાકોની જાતોનું રજીસ્ટ્રેશન નવી પધ્ધત્તિ મુજબ કંપની દ્વારા જાતોના **DUS** કેરેક્ટર સાથે રોગ જીવાત અને ઉત્પાદનના સ્વનિદર્શિત અખતરાઓના પરિણામો ની વિગતો પોર્ટલ પર અપલોડ કરી તેનું નિયત થયેલ ટેકનિકલ કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન કરવાનું રહેશે અને તેના આધારે એકનોલેજમેન્ટ આપવામાં આવશે.
- અન્ય પાકોની જાતોના એકનોલેજમેન્ટ માટે કંપની દ્વારા એક પાકની બે જાત સુધી અરજી કરવામાં આવેલ હશે તો કંપની દ્વારા અપલોડ કરેલ વિગતોની ચકાસણી કરી તેનાં આધારે

સીધુ એકનોલેજમેન્ટ આપવામાં આવશે. જ્યારે આ પાકો માટે કંપની દ્વારા એક પાકની બે કરતાં વધારે જાતો માટે અરજી કરવામાં આવેલ હશે તો તે પૈકી ૧૦% જાતોનું રેન્ડમલી પ્રેઝન્ટેશન ટેકનિકલ કમિટી સમક્ષ કર્યા બાદ એકનોલેજમેન્ટ આપવામાં આવશે.

- જે કંપની વેલિડ **DSIR** રજીસ્ટ્રેશન ધરાવે છે. તેવી કંપનીને પ્રેઝન્ટેશન કરવાનું રહેશે નહિં. પરંતુ અન્ય આનુસંગિક એકનોલેજમેન્ટની કાર્યપધ્ધત્તિ અપનાવાવાની રહેશે. (નિયત ઓનલાઈન અરજી, ફી, વિગેરે પરંતુ હા.બાજરા અને હા.મકાઈ પાકોનું ટેકનિકલ કમિટી સમક્ષ પ્રેઝન્ટેશન કરવાનું રહેશે).
- જે પાકના **GOI** દ્વારા **DUS** કેરેક્ટર નિયત કરવામાં આવેલ ન હોય તે પાકના **DUS / Trait** કેરેક્ટર **SAUs** પાસેથી નિયત કરાવવામાં આવશે અને તે મુજબના ફોર્મેટમાં કંપનીએ રજુ કરવાના રહેશે.
- કંપની દ્વારા રોગ જીવાત અને ઉત્પાદનના સ્વનિદર્શિત અખતરાઓમાં ચેક વેરાયટી તરીકે **SAUs**ની છેલ્લી રીલીઝ થયેલ વેરાયટી રાખી વિગતો અપલોડ કરવાની રહેશે. જો આવી વેરાયટીઝ નું બિયારણ ઉપલબ્ધ ન હોય તો લોકલ પોપ્યુલર નોટીફાઈડ જાત ચેક તરીકે રાખી વિગતો રજુ કરવાની રહેશે.
- સ્પેશ્યલ કેરેક્ટર (રોગ અને જીવાત) માટે કોઈ જાત એકનોલેજમેન્ટ માટે આવે ત્યારે જે તે પાકની **Susceptible** અને **Resistant** વેરાયટી ચેક તરીકે રાખી વિગતો રજુ કરવાની રહેશે.
- ઓનલાઈન પોર્ટલ ઉપર **DUS** કૅરેક્ટરની ઓળખ માટે પ્લાન્ટ (છોડ), ફિલ્ડ વ્યુ (ખેતર) અને **Economic Important Part / Marker Trait** ના ફોટો અપલોડ કરવાના રહેશે.

- ભારત સરકારશ્રી દ્વારા બીટી કપાસ પાકમાં કોમર્શિયલ રીલીઝ કરેલ જાતોને **SAUs** ટ્રાયલ માંથી મુક્તિ રહેશે. પરંતુ અન્ય આનુસંગિક એકનોલેજમેન્ટની કાર્યપધ્ધત્તિ અપનાવવાની રહેશે. (નિયત ઓનલાઈન અરજી, ફી, વિગેરે).
- હા કપાસ અને હા.ડાંગર પાકોમાં નોન નોટીફાઇડ જાતોનું એકનોલેજમેન્ટ કરાવવા માટે કૃષિ યુનિવર્સિટીમાં ખેતી નિયામકશ્રી મારફત કોડેડ ટ્રાયલ અથવા સીધા ટ્રાયલ અથવા આઈ.સી.એસ.આર ના પરીણામના ડેટા ધ્યાને લેવામાં આવશે. જેમાં હા.કપાસમાં ચેક વેરાયટી કરતાં ૧૦% ઉત્પાદન વધારે હોય તો એકનોલેજમેન્ટ આપવામાં આવશે જ્યારે હા.ડાંગર પાકમાં હાઈબ્રિડ ચેક કરતાં ૫ % અને વેરાયટી ચેક કરતાં ૧૦ % ઉત્પાદન વધુ હશે તો એકનોલેજમેન્ટ આપવામાં આવશે.
- હા.કપાસ અને હા.ડાંગર ની સ્કૃટિની થયેલ જાતો માટે ત્યારબાદ અન્ય આનુસંગિક એકનોલેજમેન્ટની કાર્યપધ્ધત્તિ અપનાવવાની રહેશે. (નિયત ઓનલાઈન અરજી, ફી, વિગેરે).
- નોટીફાઈડ જાતોની વેચાણ કરતી કંપનીઓએ, નોટીફાઈડ જાતોની વિગતો ખાતામાં નોંધાવાની રહેશે.

**<u>એકનોલેજમેન્ટ ફી</u>**

- **તમામ હાઈબ્રિડ જાતો માટે : રૂ.૫૦૦૦**
- **હાઈબ્રિડ સિવાયની તમામ જાતો માટે : રૂ. ૧૦૦૦**
- **ભાગ "એ" ના પ્રત્યેક સુધારા વધારા દિઠ ફી : રૂ. ૧૦૦૦**

**<u>એકનોલેજમેન્ટ ની વેલીડીટી :</u>**

- પ્રથમ એકનોલેજમેન્ટની મુદ્દત ૫ વર્ષ રહેશે, ત્યારબાદ રીન્યુઅલની મુદ્દત ૫ વર્ષ રહેશે.
- જે કંપનીઓની અગાઉની જાતો રજીસ્ટ્રેશન બાબતે અનિર્ણિત હતી અને નિયમ મુજબની ફી ભરેલ હતી, તે જાત માટે આવી ફી માંથી મુક્તિ (નિયત ઓનલાઈન અરજી કરવાની રહેશે.) આપવાની રહેશે.
- ખાતા કક્ષાએ અગાઉ રજીસ્ટ્રેશન થયેલ જાતોના એજ નામથી નવી પધ્ધત્તિમાં એકનોલેજમેન્ટ કરતી વખતે અગાઉ આપેલ DUS કેરેક્ટરમાં કોઈ ફેરફાર કરી શકાશે નહિં.
- જે જાતોની જુની પધ્ધત્તિ મુજબ રજીસ્ટ્રેશનની મુદ્દત પુર્ણ થતી હોય તેમણે જુની રજીસ્ટ્રેશનની અવધિ પૂર્ણ થયાના એક માસમાં એકનોલેજમેન્ટ મેળવવાનું રહેશે.
- રાજ્યમાં વેચાણ થતાં બિયારણની જાતોમાં જે જાતોનું જુની પધ્ધતિ નીચે રજીસ્ટ્રેશ ચાલુ હોય તે સિવાયની તમામ જાતોનું તા.૩૦/૦૪/૨૦૨૪ સુધીમાં નવી પધ્ધત્તિ મુજબ એકનોલેજમેન્ટ મેળવવાનું રહેશે.
- રાજ્યમા નવી પધ્ધત્તિ મુજબનુ એકનોલેજમેન્ટ ઓનલાઈન પોર્ટલ તા.૦૧/૦૩/૨૦૨૪થી શરુ થશે.
- ઉત્પાદક કંપનીના જવાબદાર વ્યક્તિ એ કોઈ જાત કે બિયારણના ટ્રેડનેમ બાબતે કે પેરેન્ટ્સ બાબતે કોઈ વિવાદ ઉભો થાય તો જે તે કંપનીની અંગત જવાબદારી રહેશે. તેવું ડીક્લેરેશન આપવાનું રહેશે.